**પ્રશ્ન:- ગણિત વિષયમાં ભૂમિતિ પ્રકરણ બાળકોને રમતની સાથે ઉત્સુકતાની સાથે શીખી શકે તે માટે આપે કરેલ નવતર પ્રયોગ તેમજ તેમનું પરિણામ ટૂંકમાં જણાવો.**

તારણ:- શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

(૧) બાળકોને કાટકોણ, લઘુકોણ, ગુરુકોણ જેવા **ભૂમિતિના ખુણાઓનો પરિચય** બાળકો સરળતાથી શીખે તે હેતુથી વર્ગખંડની અંદર જ તેમને કંપાસના સાધનની મદદ વડે વ્યવહારિક ઉદાહરણ રૂપે બારીના ખૂણા,પગથિયાં ના ખૂણા, દીવાલની કિનાર વગેરે કેટલા અંશનો ખૂણો થાય તેમજ તેને માપવાની યોગ્ય રીતો સમજાવવામાં આવે છે. બાળકો આ પ્રયોગ પોતાના ઘરે જઈને પણ દોરવે છે.

(મેલાભાઈ રાઠોડ-નર્મદા- 7878711192, વરૂણભાઈ દવે-અમરેલી- 9601840333, હીરાભાઈ પુરોહિત-બનાસકાંઠા- 9723674276)

(૨) ભૂમિતિનો એકદમ બેઝીક ખ્યાલ આકાર તેમજ તેની **માપણી વિષે સમજુતી** આપવા માટે વર્ગખંડ ની અંદર તેમજ શાળાના મેદાનમાં આવેલ વિવિધ આકારો નો ઉપયોગ લઈને તેમને સમજાવવામાં આવે છે અને તેનો એરિયા, ક્ષેત્રફળ, વ્યાસ,પરિઘ કઈ રીતે ગોતવું તેનું પ્રેક્ટીકલ કરાવવામાં આવે છે.

(આકિબહુસૈન મનસુરી-અમદાવાદ- 7984349332, ભાવસિંહ ડાભી-ગાંધીનગર-8000962233, ભાવિકભાઈ સુરાણી-લાઠી- 9429426938, અલ્વીના અબ્બાસભાઈ-નવસારી- 9510137377, અશ્વિનભાઈ જોશી-સુરત- 9574590186, ચેતનભાઈ ચૌહાણ-ઉમરપાડા- 9574949014)

(૩) ગણિત વિષયમાં ભૂમિતિ પ્રકરણ બાળકોને **દ્રશ્ય શ્રાવ્ય સાધન વડે** શીખી શકે તે હેતુથી બાળકોને ભૂમિતિ પ્રકરણ DVD તેમજ કોમ્પુટરમાં વિવિધ વીડિઓ દેખાડીને શીખવાડવામાં આવે છે.તદુપરાંત શાળામાં વીડિઓને અનુરૂપ ટેસ્ટ પણ લેવામાં આવે છે.

(અમિતભાઈ મોરી-સુરેન્દ્રનગર-8905175962, ગૌતમભાઈ ઇન્દ્રોડીયા-રાજકોટ-9426563040, નરેન્દ્રભાઈ ચૌહાણ-સુરેન્દ્રનગર- 9428086079)

(૪) વર્ગખંડમાં પ્રવેશ કરતાની સાથે ભૂમિતિ સાથે મુલાકાત કરે અને ઓળખે તે હેતુથી વર્ગખંડના દરવાજાની નીચે **ખૂણાઓનું માપ ઓઈલપેન્ટથી દોરવામાં** આવ્યું છે જેથી કરીને બાળક દરવાજો ખોલે તો પણ તેને કયા અંશે ખૂણો ખોલ્યો છે તે ખ્યાલ આવે.

(દુષ્યંતભાઈ પટેલ-કરમસદ-9033565586, ભવદીપ વાઢેર-જુનાગઢ- 9737179116, બાબુભાઈ મોર-કચ્છ- 9925799846)

(૫) બાળકોને **ભૂમિતિના સાધનોના આકાર** સમજાવવા માટે અલગ અલગ રમત રમાડવામાં આવે છે જેમ કે ત્રિકોણ સમજાવવા તેમને મેદાનમાં લાવીને ઘર-ઘર ની રમત રમાડવામાં આવે છે અને તેમને સમજાવવામાં આવે છે કે ત્રિકોણના ગમે તેટલા ભાગ કરો પણ સરવાળો ૧૮૦ જ થાય. (ગુલાબચંદ ગુપ્તા-બનાસકાંઠા-9427624123)

(૬) **ભૂમિતિના સુત્રો કાવ્ય** બનાવીને શીખવાડવામાં આવે છે. (રમેશભાઈ ચાંદપા-ઉના-9574682434)

(૭) ભૂમિતિની સંકલ્પના,સિદ્ધાંતો, વ્યવહારમાં ઉપયોગીતા સમજવા માટે બાળકોને વર્ગખંડમા અને મેદાનમા લઇ જઈને પર્યાવરણમાંથી જ વિવિધ આકૃતિઓ, ટાંકા ની રચના, દિવાલ મા પડતા ખૂણાઓ, બિંદુ,બાજુઓ, સૂર્ય માંથી નીકળતા કિરણો વિશે,પ્રોજેક્ટર દ્વારા વિડિઓ બતાવીને જેમાં મકાનોનું બાંધકામ, પ્લોટ ની સમજણ દ્વારા **પ્રેક્ટિકલ જ્ઞાન** આપવામાં આવે છે અને વર્ગખંડની દીવાલ,બોર્ડ મા પડતા ખૂણાની રચના, વર્તુળનું કેન્દ્ર અને તેની રચના માટે બાળકોને મેદાનમા લઈ જઈને પ્રેક્ટિકલ કરાવવામાં આવે છે.

(નીરવભાઈ ચૌહાણ-ભાવનગર-9586800615, કિશોરભાઈ કનેટીયા-બોટાદ- 9726489544)

## IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮

આદરણીય શિક્ષકમિત્રો,

આપ છેલ્લા ઘણા સમયથી અમારી સાથે (inshodh.org) સાથે સંકળાયેલા છો.અમને ખુશી છે કે છેલ્લા **૪ વર્ષમાં કુલ ૧૧૫૦૦ નવતર પ્રયોગ** જે સમગ્ર ગુજરાતમાંથી ઇનોવેટીવ શિક્ષક દ્વારા વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર કરેલ છે, એકઠા કરીને એક જ જગ્યાએ બધો નીચોડ મળી રહે તે હેતુથી www.inshodh.org પર એક વિશેષ ઇનોવેશનની બેંક બનાવેલ છે. આ બેંક થકી જે શાળામાં કોઈ પણ પ્રકારની સમસ્યા વેઠી રહી છે ત્યાં આ પ્રકારના ઇનોવેશન ની જરૂરિયાત છે તેવી શાળા સુધી ડીજીટલ માધ્યમ થકી ત્યાં પહોચવાનો અમે પ્રયાસ કરેલ છે.આપ સર્વે દ્વારા અત્યાર સુધીમાં કરેલ નવતર પ્રયોગ જે તમે ક્યારેય DIET અથવા IIMA માં મોકલેલ ના હોય તો તેવો **નવતર પ્રયોગ નીચે આપેલ QR-CODE સ્કેન કરી, PDF ફાઈલમાં આપેલ સ્ટેપ અનુસરીને તમારો પ્રયોગ અમારા સુધી ONLINE પહોંચતો કરો.**

અથવા

**આપ ઓફલાઇન સબમિટ કરવા ઈચ્છતા હોય તો આપેલ ફોર્મ ભરીને તેમાં આપેલ અડ્રેસ પર મોકલી આપી OFFLINE સબમીટ કરો.**

IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮ માટે ઇનોવેશન સબમિટ કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે. આથી બને તેટલું જલ્દી આપનું ઇનોવેશન IIMA ખાતે જમા કરવો.

આપ બને તેટલો આ મેસેજ સેન્ટ કરો અને જરૂરિયાત શિક્ષક્મીત્રોને આપે કરેલ નવતર પ્રયોગ પહોચતો કરો.

આભાર.

**ઇનોવેશન સબમીશન બાબત પ્રશ્ન હોય તો
-સંકેત સાવલિયા
કોન્ટેક્ટ નંબર:- ૦૭૯-૬૬૩૨-૪૮૬૧**

---

## IIMA- **SFC (Schooler for change campaign)**

સમગ્ર ભારત માંથી જે વિદ્યાર્થીઓએ એન્જીનીઅરીંગ, સાઈન્સ, કોમર્સ તેમજ અન્ય ફિલ્ડમાં અભ્યાસ કરી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાના બાળકો (ધોરણ-૧ થી ૫) માટે વિજ્ઞાન, ગણિત તેમજ ભાષા માટે એનીમેટેડ વીડિઓ બનાવેલા છે આ વીડિઓ જોવા વિઝીટ કરો અમારી યુટ્યુબ ચેનલ - Teachers as Transformers અને સબસ્ક્રાઇબ કરો અમારી આ ચેનલ વધુ વીડિઓ માટે. ચેનલ ઓપન કરવા સ્કેન કરો નીચે આપેલ QR-CODE